
માર્ચ – ૨૦૧૯
અંક – ૨૧

# અરુણોદય




## સંપાદકીય બોર્ડ

- એચ.કે. જોષી
- એસ.જે.મેહતા
- એમ.એમ.ઠક્કર

## અનુક્રમણિકા

– માતૃભાષા
– આત્મવિશ્વાસ અને પરિશ્રમ એટલે મંઝિલ.
– પરીક્ષા અને સફળતા
– લાખો સલામ વીર શહીદોની શહાદતને
– પ્રસિધ્ધિને પચાવતા શીખો.
– નાસ્તિકતા અને આસ્તિકતાનો, શો અર્થ છે?
– નિવૃત થયેલા મિત્રો ને સપ્રેમ
– શાળા ની પ્રવૃત્તિઓ

# માતૃભાષા



Chanchu Rekhaben J.
Secondary teacher Eng.med.

21 મી ફેબ્રુઆરી એટલે માતૃભાષા દિવસ. જે ભૂમિ પર આપણો જન્મ  થયો હોય તે આપણી માતૃભૂમિ અને એ ભૂમિ પર બોલાતી ભષા એટલે માતૃભાષા. મને મારી ગુર્જર ભૂમિ અને મારી માતૃભાષા બન્ને પર ગર્વ છે. કવિ અરદેશર ફરામજી ખબરદારે એમના એક કાવ્યમાં કહ્યુ છે કે,

" જ્યાં જ્યાં વસે એક ગુજરાતી
ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત
જ્યાં જ્યાં બોલાતી ગુજરાતી
ત્યાં ત્યાં ગર્જરીની મહોલાત."

સંસ્કૃત ભાષા માંથી પ્રાકૃતભાષા, પ્રાકૃત માંથી ગુર્જર અને ગુર્જરમાંથી ઉદ્દ્ભવેલી સમૃધ્ધ અને શિષ્ટ ગુજરાતી ભાષા.

" આપણી માતૃભાષાની
મીઠાશતો જુઓ
ખારા નમકને પણ મીઠુ
કહીએ છીએ."

ગુજરાતી ભાષાનો આરંભકાળ સોલંકીયુગ ગણી શકાય. ઈ.સ. 1000 થી 1450 દરમિયાન આ ભાષા ઘણી પ્રચલિત બની. શ્રી હેમચંદ્રાચાર્યજીએ સનાતન માનવધર્મ અને જૈનધર્મના શાશ્વત વિચારોને શબ્દદેહ આપી પુસ્તકરૂપે વહેતા કર્યા.19મી સદી સુધીમાં ભક્તિયુગ કે નરસિંહયુગમાં આપણા તમામ ધર્મગ્રંથોનો નિચોડ લોકબોલીમાં ગવાતો થયો. આદિકવિ શ્રી નરસિંહ મહેતાએ તો આ ભાષાને અનુપમ ઉંચાઇ આપી. 1850 થી 1885 સુધીનો સમય એટલે કે સુધારક અથવા નર્મદયુગ . કવિશ્રી નર્મદે પોતાનું સમગ્ર જીવન માતૃભાષાના ઉત્થાન માટે જ વ્યતિત કર્યું.

મોટા ભાગના દેશોમાં શિક્ષણ માતૃભાષામાં જ અપાતુ હોય છે. માત્ર ભારતમાં જ બાળકને અંગ્રેજી માધ્યમમાં ભણાવવાનો આગ્રહ કદાચ વધારે છે. અહીં અંગ્રેજી ભાષાનો વિરોધ નથી. અંગ્રેજી આવડવું એ પણ જરૂરી છે. પણ માતૃભાષાના ભોગે નહિ. ગુજરાતી ભાષા (માતૃભાષા) એ'મા' છે જ્યારે અંગ્રેજી ભાષા એ 'માસી' છે. બાળકને મા પાસેથી જે મળે એ માસી પાસેથી નથી મળતુ.

અંગ્રેજી માધ્યમમાં ભણતા બાળકોના ઘણા વાલીઓનો એવો આગ્રહ હોય છે કે સ્કુલમાં પ્રાર્થના પણ અંગ્રેજીમાં થવી જોઇએ. પ્રાર્થનાને અંગ્રેજીમાં Prayer કહેવાય એ બાળકને ખબર હોવી જોઇએ. પણ પ્રાર્થના તો માતૃભાષામાં જ હોય. પ્રાર્થના એ આપણી સંસ્કૃતિ છે જ્યારે અંગ્રેજી ભાષા એ તો વ્યવહાર માત્ર માટે જરૂરિયાત છે અને એટલે જ કહી શકાય કે

' ભાષા જાય તો સંસ્કૃતિ જાય.'

કાકાસાહેબ કાલેલકરની જેમ જેનેં સવાયા ' ગુજરાતી કહી શકાય તેવા ફાધર વાલેસે એમના એક નિબંધમાં ગુજરાતી ભાષાનું મહત્વ સમજાવ્યું છે. તેમણે કહ્યુ છે કે ભાષા અને સંસ્કૃતિ એકબીજાની સાથે એવીતો સંકળાયેલી છે કે એક જાય તો બીજી જાય. ભાષા અને સંસ્કૃતિ એકબીજાની સાથે વણાયેલી છે અને એટલે જ કદાચ'મમ્મી' અને 'પપ્પા' ની જગ્યા 'મોમ' અને 'ડેડ' એ લીધી છે. આર્ય સંસ્કૃતિ આર્ય ભાષાઓમાં જ ટકે. દા.ત. ગીતાજીના સ્થિતપ્રજ્ઞના લક્ષણો ગુજરાતી ભાષામાંવાંચીએ તો અનેરો આનંદ થાય છે. અંગ્રેજીમાં વાંચીએતો એવું કશું લાગતુ નથી. એવી જ રીતે આપણુ બાળક ભલે અંગ્રેજી માધ્યમમાં ભણતુ હોય પણ માતૃભાષા પ્રત્યેતો લગાવ હોવોજ જોઈએ. માતૃભાષા તો આવડવી જ જોઈએ.



# આત્મવિશ્વાસ અને પરિશ્રમ એટલે મંઝિલ

પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

કહેવાય છે કે સંતોષી નર સદા સુખી , પરંતુ વાસ્તવિકતા કાંઇક જુદી જ છે. આજના માનવને સંતોષ મેળવવામાં પણ સંતોષ નથી. અહીં વાત સંતોષ મેળવવો એટલે એમ નથી કે હાથની લકીરમાં હશે તો જ મળશે એમ માનીને સંતોષ ન રાખવો. લકીર તો એવા લોકોની પણ હોય છે કે જેમને હાથ નથી હોતા. નસીબનું કામ નસીબ કરે , આપણું કામ આપણે કરવાનું . બસ આ આપણું કામ એટલે જ તો પરિશ્રમ . **પરિશ્રમ શ્રેષ્ઠ પારસમણિ છે.** જે રીતે પરીક્ષામાં 90 ટકા મેળવવાનું ટાર્ગેટ (Target) રાખનાર વિધાર્થીએ મહેનત કરવામાં જરાપણ સંતોષ ન રાખવો જોઇએ.

આપણી વિચાર શક્તિને નકારાત્મક વિચારોથી દૂર લઇ જઇ ક્યાં ખામી રહી છે તેમાં વ્યસ્ત કરવી જોઇએ જેથી કોઇપણ બાબતમાં સારું પરિણામ લાવી શકાય **.Hard work smart work** થી જરૂર સફળતા મળે.

**નાનકડી પણ સમજવા જેવી વાત :**

પીરસાયેલા ભોજનમાં આપણે ખામીઓ શોધવામાં વ્યસ્ત હોઇએ , ત્યારે કેટલાક લોકો સૂકા રોટલા માટે ભગવાનનો આભાર માનતા હોય છે. તો આ જ છે સંતોષ .

એક વખત એક ઝૂંપડામાં ખૂબ ઠંડીમાં રાત્રે બે નાના છોકરા છાપા (ન્યુઝ પેપર) ઓઢીને સૂતા હતાં એટલામાં એક છોકરાએ બીજા છોકરાને કહ્યું : જેની પાસે ઓઢવા માટે છાપા નહી હોય તેનું શું થતું હશે? તો આ વાત છે બે નાના છોકરાના સંતોષની .

પરિશ્રમના માર્ગે અને આત્મવિશ્વાસ્ના સહારે કોઇપણ માનવને જરૂર મંઝિલ મળે છે. પરિશ્રમ ખૂબ પણ આત્મવિશ્વાસ ન હોય તો કરેલો પરિશ્રમ એળે જાય . બંનેનું સંયોજન આકરામાં આકરી કસોટી માંથી પાર કરાવે છે.

યાદ રાખી એ કે **ક્યાંક તો આપણી જરૂર હશે દુનિયામાં..... ઇશ્વરે અમસ્તી જ તો મહેનત નહી કરી હોય આપણને બનાવવાની.**''ઈશ્વર તું બડા મહાન હૈ, તેથી જ મનુષ્ય બડા મહાન હૈ.''



# પરીક્ષા અને સફળતા



Bina D. Bhatt
Sec. School Teacher

૭ માર્ચ ૨૦૧૮ થી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા શરૂ થાય છે.આપણી શાળામાં ૨૧મી ફેબ્રુઆરીનાં દિવસે એમનું વિદાયમાન સમારોહ રાખવામાં આવેલ પણ કમનસીબે એ દિવસે હું હાજર ન હતી. વિદાય સમારોહ એ તો ફક્ત એક ઔપચારિકતા છે.શિક્ષકોમાં અને શાળામાં તો એમનું સ્થાન હમેંશા છે અને રહશે. આ શાળાનાં વિદ્યાર્થીઓ હમેશાં આ શાળાનાં ભાગ હતા઼છે અને રહશે .એમને આવી તો કઈ પરીક્ષાઓ આવશે . વિદ્યાર્થીઓ બધીજ પરીક્ષાઓ સહજતાથી આપે અને પરિણામની ચિંતા છોડી પોતાની જાત ઉપર વિશ્વાસ રાખે. પરિણામ જે આવે તે સહજતાથી સ્વીકારે એજ એમનું સક્સેસ (સફળતા) . આ શાળાનાં બધાજ વિદ્યાર્થીઓને એમની આ પરીક્ષા અને જીવનની બધીજ પરીક્ષાઓ માટે સફળતા મળે એવી શુભેચ્છા.આ અવસરે એમના માટે દિપકભાઈ(બેબસ)ની આ કવિતા યાદ કરવી બને .

વિદ્યાર્થીને ..........
સર કરો સૌ શિખરો !
અવઢવને ખંખેરો ,ચાલો અજવાળાને ચીતરો!
સર કરો સૌ શિખરો !
પરીક્ષા ખંડમાં સાવ સહજતા સૌના ટેરવે પ્રગટે!
પ્રશ્નો થોડા હંફાવે પણ ઉત્તર કદી ના ઘટે !
પરિણામ આવે ધાર્યા મુજબ દીકરી હો કે દીકરો!
સર કરો સૌ શિખરો !
સમય આગળ જવાનો આવ્યો મજાનો .....હાથે !
જીવતરના સરવાળા તમે લાવજો બસ સંગાથે !
સાવ અંતરની શુભેચ્છા છે .સુરજ જેવું વિસ્તરો!
સર કરો સૌ શિખરો !

**ALL THE BEST**

# લાખો સલામ વીર શહીદોની શહાદતને





કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

**" ન જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,**

**ખબર છે એટલી કે મા ભોમની હાકલ પડી છે."**

સતત સાવધાન અને શિસ્તમાં રહેલા ભારતીય લશ્કરી યુવાનને જોઈએ છીએ ત્યારે ગૌરવની લાગણી ઊભી થયા વગર રહેતી નથી. રાષ્ટ્રની શાન વધી જાય છે.

હાલમાં જ 14 ફેબ્રુઆરી 2019 ગુરૂવાર ના પુલવામાં માં થયેલી દુર્ઘટનામાં જેમણે પોતાના પ્રાણ ગુમાવ્યા તેવા વીર શહીદો તરફ આપણું મસ્તક ઝુક્યા વગર રહેતું નથી. રાષ્ટ્ર માટે પોતાના પ્રાણોની પરવા કર્યા વગર દિન રાત નો વિચાર કર્યા વગર આપણી માટે જેઓ ખડા પગે ઊભા છે , તેવા લોકોને આપણે નજરે જોયા નથી છતાં આપણાં દિલમાં એક ભારતીય હોવાના નાતે તેમના પ્રત્યે માન ઊભું થયા વગર રહેતું નથી. જે રીતે ઋષિ ભક્તિ અને સંસ્કૃતિ ભક્તિ છે તે જ રીતે રાષ્ટ્રભક્તિ છે.

માનસિક વિકૃતિ બીજા માટે કેટલી ખતરનાક છે તેનું વરવું રૂપ આપણને એ અથડામણમાં જોવા મળ્યું. એ ઘટના માત્ર દશ્યો નજર સામે આવે છે ત્યારે દાંત કચકચી જાય , આંખોમાં લોહી ધસી આવે , શ્વાસની ગતિ વધી જાય અને આક્રોશ ઠલવાય ત્યારે સમજવું કે આપણામાં ખરી રાષ્ટ્રભક્તિ છે.

કોઈપણ ઘટના ઘટે એટલે તેના ક્ષણિક પ્રત્યાઘાત રૂપે હાથમાં તિરંગો લઈને નીકળી પડવું એ યોગ્ય જ છે પણ પ્રશ્ન એ થાય કે પછી તે ગુસ્સો , જુસ્સો રાષ્ટ્ર ભાવના જાય છે ક્યાં ? રાષ્ટ્રભક્તિનો એ જુવાળ ટકે તે જરૂરી છે જ્વર બનીને ફેલાવો જોઈએ .

દેશ દાઝ એક– બે દિવસ , સપ્તાહ , મહિના કે કોઈ ઘટના પૂરતી ન હોય બલ્કે શાશ્વત હોય.

દરેક વીર જવાનની અંતેતો આજ ભાવના હોય છેIf I die in a war zone , Box me up & send me home , put my medals on my chest , Tell me MOM I did my best.

ધન્ય છે તેવા વીરોના કતૃત્વને જેમણે રાષ્ટ્ર માટે બલિદાન આપ્યું છે.

फ़िर उड गई नींद

ये सोच कर ..........।।।

सरहद पर बहा वो खून

मेरी नींद के लिये था.......।।।

મા ભોમ કાજે શહીદ થનારા તમામ વીર જવાનના સ્વજનો ની જેમ ઈશ્વર પણ એટલા જ વ્યથિત હશે. આવા લાડકા જવાન માટે ભારતમાતા પોતાના ખોળામાં તેમને જરૂર સ્થાન આપશે . તેમના આત્માને શાંતિ મળે તેવી ઈશ્વર પાસે પ્રાર્થના કરીએ .



શૈલેષકુમાર જયંતિલાલ મહેતા,
આચાર્યશ્રી, શ્રી એસ.કે.વી.વિધાયલય.

# પ્રસિધ્ધિને પચાવતા શીખો

પ્રસિધ્ધિના શિખરો સર કરતા માનવને હરપળે "સાવધ" રહેવા માટે શંખનાદ ચાલુ રહે છે. પ્રખ્યાતિ પ્રસિધ્ધિ પામવી સહેલી છે પણ તેને પચાવવી અતિદુષ્કર છે. પ્રસિધ્ધિ જેમે જેમ માનવ પ્રાપ્ત કરતો જાય છે તેમ તેમ તેના અંતરમાં અહમ અડ્ડો જમાવતું જાય છે. દૂધ થોડો વધુ તાપ મળે ને ઉભરાઈને બહાર ઢોળાઇ જાય છે તેમ પ્રસિધ્ધિ મળતાં-પ્રશંસા વધતાં માનવને ઊભરો આવી જાય છે. હું મોટો છું એ ગૌરવ ગોકીરો બોલાવે છે.

આવા સમયે કોઈની શીખામણ પણ સાંભળવી ગમતી નથી , લંકેશ રાવણ શકિત-સામર્થ્ય અને સંપત્તિનો સ્વામી બન્યો હતો. કૌરવપતિ દોર્યોધન પણ પ્રસિધ્ધિ પ્રખ્યાતિમાંપગરવ ભરી રહ્યો હતો. હવે એના અભિમાનને ઠેસ દેનારને દેશવટો દેવા સુધી પહોંચી ગયો.... કોઈની વાત કાને નહિ ધરવી. છેવટે કુદરતના કરનામા જે લેખ લખાયા હતા તેને મેખ મારવાની તેની તાકાત હતી નહિ.......

કોઈપણ ક્ષેત્રમાં તમે આગળ વધતા હો... પ્રશંસાના પુષ્પગુચ્છો તમારા કરપીડન પામતા હોય... ચારે બાજુથી પ્રશિધ્ધિની શહેનાઈ બજતી હોય.... તે સમયે પણ સાવધાન બની જજો.પ્રસિધ્ધિને પચાવવાથી તે શકિત-સામર્થ્યને આપે છે. જે પ્રસિધ્ધિને પચાવી શકતા નથી તેમનું અજીર્ણ અનેક રોગોને આમંત્રણ આપે છે.

પ્રસિધ્ધિને પચાવતા શીખવું- એટલે અભિમાનથી અળગા રહેવું. કોઈની સાદી સીધી શીખામણને પણ વધાવી લેવી. ધુત્કાર અને તિરસ્કાર કોઇનોય નહિ કરતા સહુને સત્કારતા શીખવું હજુ મારે ઘણું પ્રાપ્ત કરવાનું બાકી છે એ નમ્રતા જ પ્રભુતાનું કારણ બને છે.

પ્રસિધ્ધિને પચાવનાર જે ક્ષેત્રમાં સિધ્ધિ મેળવવી હોય તે ક્ષેત્રમાં આગે કૂચ કરતો જ રહે છે.

# નાસ્તિકતા અને આસ્તિકતાનો શો અર્થ છે?

નાસ્તિકતાનો સામાન્ય અર્થ ઇશ્વરમાં ન માનવું એવું સમજવામાં આવે છે. કોઈને નાસ્તિક કહેવો તે તેના પર લાંછન લગાડવા બરાબર છે. ઇશ્વરને માનવા કે ન માનવાથી તેના અનુદાનોમાં કોઇ ફેર પડતો નથી તો પછી નાસ્તિકતાની આટલી નિંદા શા માટે કરવામાં આવે છે ? આનું તાત્વીક વિવેચન કરવાથી એક જ નિષ્કર્ષ નીકળે છે કે ઇશ્વરને ન માનવાનો અર્થ ખરેખર તો તેની કર્મફળની વ્યવસ્થા પ્રત્યે આસ્થા ન રાખવી એવો થાય છે. પૂજાપાઠ કરવા અને ઇશ્વરના ગુણગાન કરવા છતાં પણ જો કોઇ કર્મના ફળની વ્યવસ્થાને નમાનતો હોય તો તેને નાસ્તિક જ કહેવો જોઈએ. આનાથી ઊલટું કોઇ માણસ ઇશ્વરની ચર્ચા પણ ન કરતો હોય પરંતુ તેના કર્મફળના અનુશાસનને માનીને સજ્જનો જેવી પ્રવૃતિઓ કરતો હોય તો તાત્વિક દ્રિષ્ટએ આસ્તિક છે.

"આસ્તિ" અને "નાસ્તિ" શબ્દોનો અર્થ ઇશ્વર છે અને નથી એવો માનવામાં આવે છે. પરંતુઆ છીછરો અર્થ છે. સાચો અર્થ એ છે કે તેની કર્મ વ્યવસ્થા ચોક્કસ છે કે નહિ. જે મનુષ્ય કર્મફળની ઇશ્વરીય વ્યવસ્થા પર વિશ્વાસ રાખીનેપોતાના હિત-અહિતનો વિચાર કરે છે તે આસ્તિક છે. એવો મનુષ્ય બુરાઇઓથી દૂર રહે છે અને ચરિત્રનિષ્ઠ, ઉદાર, પરમાર્થ તથા સમાજનિષ્ઠ હોય છે.

# નિવૃત થયેલા મિત્રો ને સપ્રેમ




વી.કે.સોલંકી
એસ.એમ.ઈ.ઓપરેટર
લિગ્નાઈટ પ્રોજેક્ટ ઉમરસર


ટેન્શન ,ટેન્શન,ટેન્શન  છોડી દ્યો આ બધું   ટેન્શન,
ખાઓ પીઓ જલસા  કરો ,મોજ થી ઉડાઓ પેન્શન.
હુકુમ ચાલે  છે  , ત્યાં સુધી કરીલ્યો હકુમત,ભાઈ !
પછી, બૈરા છોકરાઓ પણ નહિ માને,  તમારું સજેશન !
ગુસ્સે થવાની ,ગુસ્સો કરવાની ઉમર તો ગઈ હવે !!
કોઈ સોરી કહે , તો પણ, શાંતિથી કહેજો નો મેન્શન.
હાથ માં છે વહેવાર ત્યાં સુધી રાખો બધુય  હસ્તગત ,
પછી પાણી માટેય પૂછવું પડશે એવી થઇ જશે પોજીશન.
શરતોમાં જીત્યો  છું ને શરતોમાં ઘણું હાર્યો છું !!
હવે કહો જિંદગી ને , ડોન્ટ એપ્લાય, એની કંડીશન.
ગુમાવ્યું એનો ગમ ના કરો ,મળ્યું છે એમાં મોજ કરો ,
કેમ કે ,ક્યારે હાર્ટ બેસી જશે,,,,,, વિધાઉટ એની ઇન્ફોર્મેશન !
ક્યારેક પાપ કર્યા હોય તો એનું કરી લેજો પ્રાયશ્ચિત !!
ઈશ્વર ગુન્હાપણ માફ કરી દેશે , વિધાઉટ એની ઓબ્જેકશન.
દોડ ધામ ચિંતા ઉતાવળ , મેલો અભરાઈ એ આ ભૂતાવળ
બીપી ,સુગર ને કહો રુક જા ઓ,  આગળ નથી કોઈ પરમીશન !
મ્રત્યુ આવે તો મારવાનું મજાથી , ડરવાનું નહિ કોઈ ખુદાની સજાથી,
હસ્તે મોઢે હાલતા થવાનું ,આપ્યા વગર કોઈ ઓપ્શન.

સ્વરચિત

# શાળા ની પ્રવૃત્તિઓ

## આજુ બાજુના  ગામડાઓમાં ગરમ કપડા વિતરણ










# ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ વિદાય





# શનિવાર ની પ્રવૃત્તિ







